RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 187 * Date: 30.4.2026,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-







# સમાજ સુધારાના નામે ધર્મની મૂળ ભાવના સાથે ચેડાં ન કરી શકાયઃ સબરીમાલા વિવાદમાં સુપ્રીમ કોર્ટની ટિપ્પણી





સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ અને ધાર્મિક સ્વતંત્રતા સાથે જોડાયેલા મામલાઓની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવ્યો છે. કોર્ટે પૂછ્યું કે, ઉત્તર ભારતમાં રહેતી કોઈ બિન-શ્રદ્ધાળુ વ્યક્તિ આખરે કયા આધારે સબરીમાલા મંદિરમાં પ્રવેશનો અધિકાર માંગી શકે. અદાલતે સ્પષ્ટ કહ્યું કે, 'સમાજ સુધારાના નામે ધર્મની મૂળ ભાવના સાથે ચેડાં ન કરી શકાય.'સુનાવણી દરમિયાન જસ્ટિસ બી. વી. નાગરત્નાએ જણાવ્યું કે, ભારતની સભ્યતા અને ધાર્મિક ઈતિહાસને નજર અંદાજ કરવો શક્ય નથી. બંધારણની કલમ-૨૫ અને ૨૬ પણ આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાંથી જ વિકસિત થઈ છે. કોર્ટના જણાવ્યા અનુસાર વર્તમાનને સમજવા માટે ભૂતકાળની અવગણના કરી શકાય નહીં.નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે કહ્યું કે, મંદિર પ્રવેશના અધિકાર સાથે જોડાયેલા મામલાઓમાં એ જોવું જરૂરી છે કે, દાવો કરનાર વ્યક્તિ ભક્ત છે કે નહીં. કોર્ટે સંકેત આપ્યો કે, ધાર્મિક સ્થળો સાથે જોડાયેલા મામલાઓમાં આસ્થાનું પાસું પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કોર્ટે આ ટિપ્પણી તે અરજીઓની સુનાવણી દરમિયાન કરી છે, જેમાં સબરીમાલા સહિત વિવિધ ધાર્મિક સ્થળો પર મહિલાઓ સાથે કથિત ભેદભાવનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. અદાલત આ મામલામાં ધાર્મિક સ્વતંત્રતા અને સમાનતાના અધિકાર વચ્ચેના સંતુલન પર વિચાર કરી રહી છે.વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગે દલીલ કરી કે, સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ અંગે સુપ્રીમ કોર્ટનો અગાઉનો નિર્ણય હજુ પણ અસ્તિત્વમાં છે અને તેના પર કોઈ સ્ટે નથી. તેમ છતાં મહિલાઓને મંદિરમાં પ્રવેશ મળી રહ્યો નથી જેનું કારણ રાજ્ય સરકારનો અસહયોગ છે. તેમણે એમ પણ કહ્યું કે, અદાલત ધર્મની વ્યાખ્યા નક્કી કરતી નથી પરંતુ તે નક્કી કરવું ધાર્મિક પરંપરાઓ અને માન્યતાઓનો વિષય છે. સુનાવણી દરમિયાન એ પણ ચર્ચા થઈ કે શું બંધારણને સંપૂર્ણ રીતે નવા દૃષ્ટિકોણથી જોવું જોઈએ કે પછી ઐતિહાસિક સંદર્ભોને ધ્યાનમાં રાખીને તેની વ્યાખ્યા કરવી જોઈએ. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે ઊંડી ચર્ચા થઈ હતી.

## અમદાવાદઃ બાપુનગરમાં ૮ શખસોએ ઓફિસમાં ઘૂસી યુવકને અધમૂઓ કર્યો, ફરિયાદી પોતે નીકળ્યો વોન્ટેડ!

શહેરના બાપુનગર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જૂની અદાવતનો ખાર રાખીને ૮ જેટલા અસામાજિક તત્વોએ એક ઓફિસમાં ઘૂસીને યુવક પર લાકડીઓ અને ઘાતક હથિયારો વડે હિંસક હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના ઓફિસમાં લાગેલા સીસીટીવી (ઝઝ્ફ) કેમેરામાં કેદ થઈ ગઈ છે.મળતી માહિતી મુજબ, ફરિયાદી મલખાન સિંહ ચૌહાણની ઓફિસ પર રાહુલ મરાઠી, પ્રમોદ મરાઠી સહિત ૮ શખ્સોએ હુમલો કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે, અગાઉ શહેરકોટડા વિસ્તારમાં થયેલી એક મારામારીની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે હુમલાખોરો કેવી રીતે બેફામ બનીને લાકડીઓ વરસાવી રહ્યા છે.આ કેસમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, જે યુવક પર હુમલો થયો છે, તે મલખાન સિંહ ચૌહાણ પોતે પણ શહેરકોટડા પોલીસ સ્ટેશનના એક ગુનામાં વોન્ટેડ છે. બાપુનગર પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદીએ પોસ્ટ દ્વારા પોતાની ફરિયાદ મોકલી હતી. ફરિયાદી સામે થોડા દિવસ અગાઉ શહેરકોટડામાં મારામારીનો ગુનો નોંધાયો હતો. હાલમાં હુમલો કરનાર આરોપીઓ અને હુમલાનો ભોગ બનનાર ફરિયાદી બંને પોલીસ પકડથી દૂર છે.

## રશિયાએ ભારત માટે ચોથી એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ રવાના કરી દીધી



નવી દિલ્હી : ઓપરેશન સિંદૂરને એક વર્ષ થવા જઇ રહ્યું છે ત્યારે હવાઇ સુરક્ષાને લઇને મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. રશિયાએ ભારતને સોંપવામાં આવનારી એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ રવાના કરી દીધી છે. જે મે મહિનાના મધ્ય સુધીમાં ભારત સુધી પહોંચી જવાની શક્યતાઓ છે. જ્યારે પાંચમી એર ડિફેન્સ આ વર્ષે નવેમ્બર મહિનામાં ભારતમાં પહોંચવાની શક્યતાઓ છે. જે ચોથી એર ડિફેન્સ સિસ્ટમ હાલ રવાના કરાઇ છે તેને રાજસ્થાનમાં પાકિસ્તાન સરહદે તૈનાત કરવામાં આવી શકે છે. ભારતીય એરફોર્સના અધિકારીઓએ ૧૮ એપ્રીલના રોજ ભારત આવનારી આ ચોથી સિસ્ટમનું પ્રી-ડિસ્પેચ નિરીક્ષણ પુરુ કરી દીધુ છે. જે બાદ ગત સપ્તાહે તેને રશિયાથી ભારત માટે શિપ કરી દેવામાં આવી હતી. પાકિસ્તાન વિરૂદ્ધ મિસાઇલ રક્ષા ગ્રિડને અભેદ્ય બનાવવા માટે આ નવી સિસ્ટમને રાજસ્થાન સેક્ટરમાં તૈનાત કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આ પહેલા ઓપરેશન સિંદૂર દરમિયાન રશિયાની ડિફેન્સ સિસ્ટમ એસ-૪૦૦એ પોતાની મારક ક્ષમતાનું આક્રામક પ્રદર્શન કર્યું હતું. આ લાંબા ઓપરેશન દરમિયાન ભારતે પાકિસ્તાન વિરુદ્ધ ૧૧ લાંબી રેન્જની એસ-૪૦૦ મિસાઇલોનો મારો ચલાવ્યો હતો. આ મિસાઇલોએ દુશ્મન દેશના લડાકુ વિમાનો, એરબોર્ન અર્લી વૉર્નિંગ સિસ્ટમ અને પરિવહન વિમાનોને સટીક નિશાન બવાનીને હુમલો કર્યો હતો. એસ-૪૦૦ લાંબી રેન્જના રડાર અને મારક ક્ષમતાનો ડર એટલો હતો કે પાકિસ્તાનને પણ સમજાઇ ગયું હતું કે સિંધુ નદીના પૂર્વમાં તેનુ કોઇ પણ હવાઇ પ્લેટફોર્મ સુરક્ષીત નહીં રહે. મજબુર થઇને પાકિસ્તાને પોતાના તમામ સક્રિય લડાકુ વિમાનો અને હવાઇ પ્લેટફોર્મને ભારતીય મિસાઇલોથી બચાવવા માટે ક્વેટા અને પેશાવર એરબેઝ પર શિફ્ટ કરવા પડયા હતા.

## પાન-મસાલાના બંધાણીઓ માટે મોટા સમાચાર! પેકિંગ પર પ્રતિબંધ લગાવવાની તૈયારીમાં સરકાર




જો તમે પાન મસાલા કે ગુટખાના શોખીન છો, તો ટૂંક સમયમાં તમને આ પ્રોડક્ટ્સ નવા અવતારમાં જોવા મળશે. પર્યાવરણ અને જાહેર સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર હવે પ્લાસ્ટિકના નાના પાઉચ (સેશે) પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહી છે.ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (હ્લજીજીછૈં) દ્વારા ખાદ્ય સુરક્ષા અને માનક (પેકેજિંગ) સુધારા નિયમ, ૨૦૨૬નો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નિયમનો હેતુ પાન મસાલા ઉદ્યોગમાંથી પ્લાસ્ટિકનો વપરાશ જડમૂળથી ખતમ કરવાનો છે.નવા ડ્રાફ્ટ મુજબ કોઈપણ પ્રકારના પ્લાસ્ટિક પેકેટ કે સેશે પર પ્રતિબંધ રહેશે. ઉપરાંત પોલીથીન, પીવીસી (ઁફઝ) કે અન્ય સિન્થેટિક મટિરિયલ, ચમકદાર એલ્યુમિનિયમ ફોઈલ પેકેજિંગનો ઉપયોગ કરી શકાશે નહી. માત્ર વેચાણ જ નહીં, પણ આ ઉત્પાદનોના પેકેજિંગ, સ્ટોરેજ અને વિતરણમાં પણ પ્લાસ્ટિકના ઉપયોગ પર કડક મનાઈ ફરમાવવામાં આવશે.પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે સરકારે કુદરતી અને રિસાયકલ થઈ શકે તેવી સામગ્રીના પ્રયોગ માટેની છુટ આપી શકે છે. જેમાં પેપર અથવા પેપર બોર્ડ, સેલ્યુલોઝ જેવી કુદરતી સામગ્રી, ટીન કન્ટેનર અથવા કાચની બોટલ/ડબ્બાનો ઉપયોગ કરી શકાશે.

## હિંમતનગર હાઈવે પર કાળમુખો અકસ્માતઃ ખાનગી બસે કારને કચડી, ૬ લોકોના કમકમાટીભર્યા મોત

સાબરકાંઠા જિલ્લામાં આજે સવારના સમયે મોતના તાંડવ જેવી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. હિંમતનગર નજીક જસવંતગઢ પાટિયા પાસે એક પુરપાટ ઝડપે આવતી ખાનગી બસે કારને પાછળથી એટલી જોરદાર ટક્કર મારી કે, કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ભીષણ અકસ્માતમાં ૬ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે.શામળાજીથી અમદાવાદ તરફ જતાં નેશનલ હાઈવે પર આ દુર્ઘટના સર્જાઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ટક્કર એટલી પ્રચંડ હતી કે, કારનો પાછળનો અને ઉપરનો ભાગ સાવ દબાઈ ગયો હતો. કારમાં સવાર મુસાફરો લોહીલુહાણ હાલતમાં અંદર જ ફસાઈ ગયા હતા. આ અકસ્માતમાં અન્ય ૬ લોકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.મળતી પ્રાથમિક માહિતી અનુસાર, ખાનગી લક્ઝરી બસના ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા આગળ જઈ રહેલી કારને પાછળના ભાગેથી જોરદાર ટક્કર મારી હતી. હાઈવે પર વાહનોની અવરજવર વચ્ચે બનેલી આ ઘટનાને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને સ્થાનિક લોકો મદદે દોડી આવ્યા હતા.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કારમાં ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. હાલ પોલીસે મૃતકોના પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરી છે અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. હાઈવે પર સતત વધતા અકસ્માતોએ ફરી એકવાર વાહન ચાલકોની સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા છે.

## ટ્રમ્પનો ટેરિફ મોહઃ સુપ્રીમ કોર્ટની રોક છતાં નવા ટેરિફની તૈયારી, ભારત સહિત ૬૦ દેશો રડાર પર!

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ટેરિફ પોલિસીને કોઈપણ ભોગે ચાલુ રાખવા મક્કમ છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકન સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ દ્વારા અન્ય દેશો પર લાદવામાં આવેલા ટેરિફને ગેરબંધારણીય ગણાવી રદ કર્યા હતા. કોર્ટના મતે ટ્રમ્પે ૧૯૭૭ના 'ઇન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ'(ઈઈછ)નો દુરુપયોગ કરીને ડબલ ડિજિટમાં ટેરિફ લગાવ્યા હતા. આ ચુકાદાને કારણે અમેરિકન તિજોરીમાં જમા થયેલા ૧૬૬ બિલિયન ડૉલર હવે આયાતકારોને પરત કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જોકે, આ આંચકા છતાં ટ્રમ્પે તુરંત જ ૧૫૦ દિવસ માટે ૧૦ ટકા ટેમ્પરરી ટેરિફ લાગુ કરી દીધો હતો, જેની અવધિ ૨૪ જુલાઈના રોજ પૂર્ણ થઈ રહી છે.હવે ટ્રમ્પ પ્રશાસન નવી કાયમી ટેરિફ પોલિસી લાવવાની તૈયારી કરી રહ્યું છે, જેનો મુખ્ય હેતુ યુએસ ઈકોનોમીને વિદેશી સ્પર્ધાથી બચાવવાનો અને સરકારી આવક જાળવી રાખવાનો છે. આ માટે યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ(જીઇ) દ્વારા બે મોટી તપાસ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત જો કોઈ દેશ 'અયોગ્ય' કે 'ભેદભાવપૂર્ણ' વેપાર નીતિ અપનાવશે, તો તેના પર ટ્રેડ એક્ટ-૧૯૭૪ના સેક્શન ૩૦૧ હેઠળ કાયમી ટેરિફ લાદવામાં આવશે. આ નવી નીતિનો સીધો બોજ આયાતકારો પર પડશે, જે અંતે મોંઘવારી સ્વરૂપે સામાન્ય જનતાએ ભોગવવો પડી શકે છે.હાલમાં અમેરિકા દ્વારા બે અત્યંત મહત્ત્વની તપાસ શરૂ કરવામાં આવી છે.

## તંત્રી લેખ

## નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત ફિનિશ્ડ સ્ટીલનું નેટ નિકાસકાર

સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત ફિનિશ્ડ સ્ટીલનું નેટ નિકાસકાર બની રહ્યું છે. વિશ્વમાં ક્રુડ સ્ટીલના બીજા મોટા ઉત્પાદક દેશ ભારતે ગયા નાણાં વર્ષમાં ૬૬ લાખ ટન ફિનિશ્ડ સ્ટીલની નિકાસ કરી છે, જે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ની તુલનાએ ૩૫.૯૦ ટકા વધુ છે. ફિનિશ્ડ સ્ટીલનો વપરાશ ૮ ટકા વધી ૧૬.૪૨ કરોડ ટન રહ્યો હતો. ભારતના ફિનિશ્ડ સ્ટીલના મોટા ખરીદદારોમાં સ્પેન, યુએઈ, ઈટાલી, બેલ્જિયમ તથા વિયેતનામનો સમાવેશ થાય છે. ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત ૩૧.૭૦ ટકા ઘટી ૬૫ લાખ ટન રહી હતી, એમ સ્ટીલ મંત્રાલયના ડેટા જણાવે છે.ચીન, જાપાન, રશિયા તથા દક્ષિણ કોરિઆ ભારત ખાતે સ્ટીલના મોટા નિકાસકાર દેશો છે. નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં દેશનું ક્રુડ સ્ટીલ ઉત્પાદન ૧૧.૨૦ ટકા વધી ૧૬.૯૨ કરોડ ટન રહ્યું હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે.સ્ટીલની આયાતને નિયંત્રણમાં રાખવા સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંને પરિણામે આયાતમાં ઘટાડો જોવા મળ્યો છે. ઘરઆંગણેના સ્ટીલ ઉત્પાદકોને રાહત પૂરી પાડવા સરકારે ૨૦૨૫ના અંતે કેટલાક સ્ટીલ પ્રોડકટસ પર ત્રણ વર્ષ માટે ૧૨ ટકા સુધી ટેરિફ લાગુ કરી હતી. ઘરઆંગણે સસ્તા સ્ટીલની થતી આયાત ખાસ કરીને ચીન ખાતેથી થતી આયાત પર અંકૂશ મૂકવાના ભાગરૂપ આ નિર્ણય આવી પડયો હતો.આ ડયૂટી ચીન, નેપાળ તથા વિયેતનામ ખાતેથી આયાત થતા સ્ટીલ પર વસૂલવામાં આવે છે. અમેરિકા દ્વારા વિવિધ દેશો પર લાગુ કરવામાં આવેલા ટેરિફને કારણે ભારતમાં સ્ટીલની આયાતમાં તાજેતરમાં વધારો જોવા મળ્યો હતો.

## દક્ષિણ સુદાનની રાજધાની જુબા નજીક એક નાનું વિમાન ક્રેશ; ૧૪ લોકોના મોત

દક્ષિણ સુદાનની રાજધાની જુબાની બહાર સોમવારે એક નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, જેમાં તમામ ૧૩ મુસાફરો અને પાઈલટના મોત થયા હતા, એમ દેશની નાગરિક ઉડ્ડયન સત્તાવાળાએ જણાવ્યું હતું. દક્ષિણ સુદાનની નાગરિક ઉડ્ડયન સત્તાવાળાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ વિમાન સેસ્ના હતું જે ૦૭૧૫ સ્ વાગ્યે જુબા આંતરરાષ્ટ્રીય હવાઈમથકથી ઉડાન ભરી હતી અને રાજધાનીથી લગભગ ૨૦ કિમી દૂર ક્રેશ થયું હતું અને કોઈ બચ્યું ન હતું.

પ્રાથમિક તારણોમાં એવું સૂચવવામાં આવ્યું છે કે દુર્ઘટના પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે થઈ હશે, જેના કારણે દશ્યતા ઓછી થઈ ગઈ હતી.વિમાનમાં સવાર લોકોમાં બે કેન્યાના નાગરિકો હતા, જ્યારે બાકીના પીડિતો દક્ષિણ સુદાનના હતા.

### યુ.એસ અને ઈરાન વચ્ચે વાટાઘાટોનો બીજો રાઉન્ડ અટકી ગયો

## હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાની ઈરાનની 'શરતી' યોજનાને અમેરિકાએ નકારી કાઢી

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન દ્વારા ચોક્કસ પરિસ્થિતિઓમાં હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાના અહેવાલિત પ્રસ્તાવને ફગાવી દીધો છે, તેને વોશિંગ્ટન અને વ્યાપક આંતરરાષ્ટ્રીય સમુદાય બંને માટે અસ્વીકાર્ય ગણાવ્યો છે.

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ સોમવારે ફોક્સ ન્યૂઝ સાથેની મુલાકાત દરમિયાન આ ટિપ્પણી કરી હતી. તેમણે તેહરાનના સ્પષ્ટ વલણની ટીકા કરતા કહ્યું હતું કે તે આવા આંતરરાષ્ટ્રીય જળમાર્ગો કેવી રીતે ચલાવવા જોઈએ તેની વૈશ્વિક સમજણ સાથે વિરોધાભાસી છે.

રુબિયોએ સૂચવ્યું હતું કે ઈરાનનો સ્ટ્રેટને ફરીથી ખોલવાનો વિચાર કડક નિયંત્રણ પગલાં સાથે આવે છે. ×જ્યાં સુધી તમે ઈરાન સાથે સંકલન કરો છો, અમારી પરવાનગી મેળવો છો, નહીં તો અમે તમને ઉડાવી દઈશું અને તમે અમને ચૂકવણી કરો છો,× તેમણે કહ્યું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી શરતો સ્વીકારી શકાતી નથી, નોંધ્યું છે કે જળમાર્ગ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય છે અને વૈશ્વિક ઉપયોગ માટે મુક્ત રહેવો જોઈએ. ×તે સ્ટ્રેટ ખોલવાનો નથી. તે આંતરરાષ્ટ્રીય જળમાર્ગો છે. તેઓ સામાન્ય કરી શકતા નથી, અને અમે તેમને સામાન્ય બનાવવાનો પ્રયાસ સહન કરી શકતા નથી, એક એવી સિસ્ટમ જેમાં ઈરાનીઓ નક્કી કરે છે કે જળમાર્ગોનો ઉપયોગ કોણ કરશે,× રુબિયોએ કહ્યું.

હોર્મુઝની સામુદ્રધુની વિશ્વના સૌથી મહત્વપૂર્ણ શિપિંગ રૂટમાંનો એક છે, ખાસ કરીને તેલ પરિવહન માટે. આ વિસ્તારમાં કોઈપણ પ્રતિબંધો અથવા તણાવ ઘણીવાર વૈશ્વિક બજારો અને આંતરરાષ્ટ્રીય શક્તિઓ વચ્ચે ચિંતા પેદા કરે છે.

એક્સિઓસના જણાવ્યા અનુસાર, ઈરાને પાકિસ્તાન દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સને એક પ્રસ્તાવ મોકલ્યો છે, જેમાં સૂચવવામાં આવ્યું છે કે પરમાણુ વાટાઘાટો જેવા વધુ જટિલ મુદ્દાઓનો સામનો કરતા પહેલા દરિયાઈ પ્રવૃત્તિઓ પરના પ્રતિબંધો હટાવવામાં આવે અને સામાન્ય શિપિંગ કામગીરી પુનઃસ્થાપિત કરવામાં આવે.

ઈરાન-યુએસ વાટાઘાટો મંદીમાંઆ દરમિયાન, પાકિસ્તાનમાં વાટાઘાટોનો બીજો રાઉન્ડ અટકી ગયો છે, બંને પક્ષો મુખ્ય મુદ્દાઓની વિશાળ શ્રેણી પર અસંમત છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ મધ્યસ્થીઓને સંકેત આપ્યો હતો કે યુએસ માંગણીઓનો જવાબ કેવી રીતે આપવો તે અંગે ઈરાનમાં હજુ પણ કોઈ એકીકૃત સ્થિતિ નથી. આંતરિક સર્વસંમતિનો અભાવ ચર્ચાઓમાં ધીમી પ્રગતિમાં ફાળો આપે છે.

## વ્હાઈટ હાઉસના પ્રેસ ડિનર શૂટર પર ડોનાલ્ડ ટ્રમ્પની 'હત્યાના પ્રયાસ'નો આરોપ સાથે કાર્યવાહી

વોશિંગ્ટન,

અમેરિકા થી મીડિયા સુત્રોએ એક અહેવાલ આપ્યો હતો કે, વ્હાઈટ હાઉસના પ્રેસ ડિનર ગોળીબારના શંકાસ્પદ પર રાષ્ટ્રપતિની 'હત્યાનો પ્રયાસ' કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કેલિફોર્નિયાના ટોરેન્સના ૩૧ વર્ષીય કોલ ટોમસ એલન તરીકે ઓળખાતા શંકાસ્પદને જો દોષિત ઠેરવવામાં આવે તો તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવશે.

શનિવારે થયેલા ગોળીબાર દરમિયાન 'બહુવિધ શસ્ત્રો' વહન કરનાર એલન સોમવારે વોશિંગ્ટનની ફેડરલ કોર્ટમાં હાજર થયો હતો. ફેડરલ ડિફેન્ડરના કાર્યાલયના વકીલો દ્વારા તેનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. એલન, જેમણે અરજી દાખલ કરી ન હતી, તેના પર "આંતરરાજ્ય વાણિજ્યમાં હથિયાર અને દારૂગોળાના પરિવહન અને હિંસાના ગુના દરમિયાન હથિયાર ચલાવવાનો" આરોપ મૂકવામાં આવ્યો હતો.

તેઝીરા આબે સહિત બે સહાયક જાહેર બચાવકર્તાઓ દ્વારા રજૂ કરાયેલા એલન, કોર્ટને જણાવ્યું હતું કે તેની પાસે ગુનાહિત પૃષ્ઠભૂમિ નથી અને "આ સમયે તેને નિર્દોષ માનવામાં આવે છે".

હજુ સુધી તેનો હેતુ જાહેર કરવામાં આવ્યો નથી

સોમવારની સુનાવણી દરમિયાન, એલનનો હેતુ ફરિયાદીઓ દ્વારા જાહેર કરવામાં આવ્યો ન હતો, પરંતુ હુમલો કરતા પહેલા એલને તેના પરિવારના સભ્યોને મોકલેલા મેનિફેસ્ટોમાં, તેણે પોતાને 'મૈત્રીપૂર્ણ ફેડરલ એસ્સાસિન' તરીકે ઓળખાવ્યો હતો, જેનો ઉલ્લેખ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાં સામેની ફરિયાદો તરફ કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.મીડિયા સુત્રો એ અહેવાલ આપ્યો છે કે તેમના મેનિફેસ્ટો, તેમના સોશિયલ મીડિયા લેખો સાથે, તપાસકર્તાઓ દ્વારા તેમની માનસિકતા અને સંભવિત હેતુઓના પુરાવા તરીકે ગણવામાં આવી રહ્યા છે.

## દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી સલીમ ડોલાને ઈસ્તંબુલમાં ધરપકડ બાદ ભારત મોકલવામાં આવ્યો

**નવી દિલ્હી,**

**ભાગેડુ ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી સલીમ ડોલાની ઈસ્તંબુલમાં અનેક ગુપ્તચર એજન્સીઓ દ્વારા સંકલિત આંતરરાષ્ટ્રીય કાર્યવાહીમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ તેને ભારત મોકલી દેવામાં આવ્યો છે.**

**વધુમાં આ મામલે, અધિકારીઓના જણાવ્યા અનુસાર, તુર્કીમાં અટકાયતમાં લીધા બાદ ડોલાને આજે વહેલી સવારે એક ખાસ વિમાનમાં દિલ્હી લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને દિલ્હીના ટેકનિકલ એરપોર્ટ પર કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો, જ્યાં હાલમાં ગુપ્તચર એજન્સીઓ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.**

**સૂત્રો સૂચવે છે કે આ કાર્યવાહી ભારતીય ગુપ્તચર એકમો અને આંતરરાષ્ટ્રીય કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે ગાઢ સહયોગથી કરવામાં આવી હતી, જેના કારણે તેને ઈસ્તંબુલથી ભારત મોકલી દેવામાં આવ્યો હતો.**

**દિલ્હીમાં પ્રારંભિક પૂછપરછ બાદ, ડોલાને વધુ તપાસ અને કાનૂની કાર્યવાહી માટે મુંબઈ પોલીસને સોંપવામાં આવે તેવી અપેક્ષા છે.**

**અધિકારીઓનું માનવું છે કે ડોલા દાઉદ ઈબ્રાહિમના ગુનાહિત નેટવર્ક સાથે લાંબા સમયથી જોડાયેલા છે, અને ભારતમાં તેના આગમનથી સંગઠિત ગુના સિન્ડિકેટ સંબંધિત ચાલી રહેલી તપાસમાં મહત્વપૂર્ણ ઈનપુટ મળવાની અપેક્ષા છે.ભારત-તુર્કી સંધિ**

**ભારત અને તુર્કીએ ૨૦૦૧ માં હસ્તાક્ષરિત પ્રત્યાર્પણ સંધિ દ્વારા આતંકવાદ અને સરહદ પારના ગુનાઓ સામેના વ્યવહારમાં સહયોગને ટેકો આપવા માટે એક ઔપચારિક કાનૂની માળખું સ્થાપિત કર્યું. આ કરારને બાદમાં મંજૂરી આપવામાં આવી અને જૂન ૨૦૦૨ માં અમલમાં આવ્યો.**

**આ સંધિ પર ૨૯ જૂન ૨૦૦૧ ના રોજ ભારતના તત્કાલીન ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણી અને તુર્કીના ન્યાયમંત્રી હિકમેટ સામી તુર્ક દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તે બંને દેશો વચ્ચે ન્યાયિક સહયોગ સુધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું હતું.**

**આ કરાર હેઠળ, બંને રાષ્ટ્રો એવા વ્યક્તિઓને પ્રત્યાર્પણ કરવા સંમત થયા હતા જેઓ તેમના સંબંધિત કાયદા હેઠળ ઓછામાં ઓછા એક વર્ષની જેલની સજા ધરાવતા ગુનાઓના આરોપી અથવા દોષિત છે. આ જોગવાઈ એ સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવી હતી કે ગુનેગારો બંને દેશો વચ્ચે સ્થળાંતર કરીને ન્યાયથી બચી ન શકે.**

**પ્રત્યાર્પણ સંધિ ઉપરાંત, ભારત અને તુર્કીએ ડિસેમ્બર ૨૦૧૨ માં બીજા એક કરાર પર પણ હસ્તાક્ષર કર્યા. આ અલગ વ્યવસ્થા દોષિત કેદીઓના સ્થાનાંતરણ પર કેન્દ્રિત હતી, જેનાથી તેઓ ચોક્કસ શરતો હેઠળ તેમના વતનમાં તેમની સજા ભોગવી શકે.**

# ગિરનાર પર્વત ને તેની આસપાસના વિસ્તારોમાં આકરા તાપ વચ્ચે સિવિલમાં ઝાડા-ઊલટીના કેસોમાં ઉછાળો આવતા સ્પેશિયલ વોર્ડ કાર્યરત કરાયા

જૂનાગઢ

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અત્યારે આકરા ઉનાળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે જૂનાગઢમાં ગરમીએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને ગિરનાર પર્વત અને તેની આસપાસના વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી જતાં લોકો તોબા પોકારી ઉઠ્યા છે. ગિરનારના પથ્થરો જાણે ભઠ્ઠીની જેમ તપી રહ્યા હોય તેવી ગરમીનો અહેસાસ પરિક્રમાર્થીઓ અને સ્થાનિકો કરી રહ્યા છે. બપોરના સમયે રસ્તાઓ સુમસામ ભાસી રહ્યા છે અને ગરમ પવનો ફૂંકાવાને કારણે લૂ લાગવાની ઘટનાઓમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. આ કાળઝાળ ગરમીની સીધી અસર હવે લોકોના સ્વાસ્થ્ય પર દેખાવવાની શરૂ થઈ ગઈ છે, જેના કારણે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો પણ નોંધપાત્ર રીતે વધ્યો છે.

સિવિલ હોસ્પિટલનું તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું

જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, છેલ્લા એક માસમાં રોગચાળાના આંકડા ચિંતાજનક રીતે સામે આવ્યા છે. ખાસ કરીને ગરમી અને દૂષિત ખોરાક-પાણીને કારણે ઝાડા-ઊલટીના કેસોમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. હોસ્પિટલના રેકોર્ડ મુજબ છેલ્લા ત્રીસ દિવસમાં ઝાડા-ઊલટીના કુલ ૧૨૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત મચ્છરજન્ય રોગચાળો પણ ધીરે ધીરે પગપેસારો કરી રહ્યો હોય તેમ ડેન્ગ્યુના ૨, ચિકનગુનિયાનો ૧ અને ટાઈફોઈડના ૪ કેસ સામે આવ્યા છે. આ પરિસ્થિતિને જોતા સિવિલ હોસ્પિટલનું તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે અને દર્દીઓને ત્વરિત સારવાર મળે તે માટેના તમામ આયોજનો કરી લેવામાં આવ્યા છે.

હીટસ્ટ્રોક માનીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવું અત્યંત અનિવાર્ય

ગરમીના આ માહોલમાં બાળકોનું સ્વાસ્થ્ય સૌથી વધુ જોખમમાં હોય તેવું ડૉ. કૃતાર્થ બ્રહ્મભટ્ટે ભારપૂર્વક જણાવ્યું છે. તેમણે સમજાવ્યું હતું કે, પુખ્ત વયના લોકોની સરખામણીએ બાળકોના શરીરમાં પાણીનું પ્રમાણ ખૂબ વધારે હોય છે અને તેમની રોગપ્રતિકારક શક્તિ હજુ વિકસતી હોવાથી ડીહાઈડ્રેશનની અસર તેમના પર ખૂબ ઝડપથી અને ગંભીર રીતે થાય છે. ખાસ કરીને બપોરના ગાળામાં જ્યારે સૂર્યપ્રકાશ સૌથી વધુ પ્રબળ હોય ત્યારે વાલીઓએ પોતાના બાળકોને ઘરની બહાર રમવા ન મોકલવા જોઈએ. જો બાળકનું શરીર અચાનક ગરમ થઈ જાય, તેને સતત ચક્કર આવતા હોય, ઉબકા કે ઊલટી જેવું જણાય અથવા બાળક ખૂબ જ નબળાઈ અનુભવે તો તેને સામાન્ય તાવ સમજીને અવગણવાને બદલે હીટસ્ટ્રોક માનીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવું અત્યંત અનિવાર્ય છે.

ગરમીના દર્દીઓને તાત્કાલિક રાહત મળે તેવી તમામ સવલતો ઊભી કરવામાં આવી

હોસ્પિટલની સજ્જતા અંગે માહિતી આપતા સુપ્રિટેન્ડેન્ટે વધુમાં ઉમેર્યું હતું કે દર્દીઓની સુવિધા માટે હોસ્પિટલમાં અલાયદા વોર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. બાળકો માટે ખાસ પિડિયાટ્રિક વોર્ડ તૈયાર રાખવામાં આવ્યો છે જ્યાં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવશે. તેવી જ રીતે પુખ્ત વયના દર્દીઓ માટે પણ લિંગભેદ મુજબ અલગ વ્યવસ્થા છે, જેમાં પુરુષ દર્દીઓ માટે વોર્ડ નંબર ૫૦૧ અને મહિલા દર્દીઓ માટે વોર્ડ નંબર ૫૦૬ ફાળવવામાં આવ્યા છે. આ વોર્ડમાં ગરમીના દર્દીઓને તાત્કાલિક રાહત મળે તેવી તમામ સવલતો ઊભી




કરવામાં આવી છે.

સારવાર માટે જરૂરી દવાઓ અને અન્ય સાધન-સામગ્રીનો પણ પૂરતો જથ્થો હોસ્પિટલ પાસે ઉપલબ્ધ છે. ડીહાઈડ્રેશન સામે લડવા માટે ઓ.આર.એસ. પાઉડરનું દ્રાવણ અને ગંભીર દર્દીઓ માટે નસ દ્વારા અપાતા આઈ.વી. ફ્લુઈડ્સનો જથ્થો અગાઉથી જ મંગાવી લેવામાં આવ્યો છે. આ ઉપરાંત દર્દીઓની રાત-દિવસ સેવા કરવા માટે ડોક્ટરો, અનુભવી નર્સિંગ સ્ટાફ અને એટેન્ડન્ટની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે જેથી કોઈ પણ આકસ્મિક પરિસ્થિતિમાં દર્દીઓને હાલાકી ન ભોગવવી પડે. આગામી દિવસોમાં હજુ પણ ગરમી વધવાની શક્યતા હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા લોકોને પૂરતા પ્રમાણમાં પાણી પીવા અને બિનજરૂરી તડકામાં બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

## રાજકોટ શહેર-જિલ્લા-તાલુકામાં ભાજપનું ભવ્ય પ્રદર્શન, કોંગ્રેસ અને આપનો સફાયો

રાજકોટ મહાનગર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવી પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. ઈસ્ઝ ની ૭૨ માંથી મોટાભાગની બેઠકો અને જિલ્લા પંચાયતની ૩૬ માંથી ૩૪ બેઠકો જીતીને ભાજપે વિરોધીઓનો સફાયો કર્યો છે. કોંગ્રેસ અને આપ માટે આ ચૂંટણી નિરાશાજનક રહી છે, જ્યારે ૧૧ માંથી ૧૦ તાલુકા પંચાયતો પર ભાજપનો ભગવો લહેરાયો છે.

રાજકોટ મહાનગર પાલિકાની કુલ ૭૨ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે ભવ્ય વિજય મેળવ્યો છે. ભાજપના વાવાઝોડા સામે કોંગ્રેસ પક્ષ માત્ર ૭ બેઠકો પર સમેટાઈ ગયો છે, જે વિપક્ષ માટે મોટો ફટકો માનવામાં આવે છે. શહેરી મતદારોએ વિકાસના કામો પર મહોર લગાવીને ભાજપને ફરી એકવાર સત્તાની ધુરા સોંપી છે.

રાજકોટ જિલ્લા પંચાયતના પરિણામો પણ ભાજપ માટે ઐતિહાસિક રહ્યા છે. કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૩૪ બેઠકો પર જીત મેળવીને એકહથ્થુ શાસન સ્થાપિત કર્યું છે. આની સામે કોંગ્રેસને માત્ર ૧ અને આમ આદમી પાર્ટીને પણ માત્ર ૧ બેઠકથી સંતોષ માનવો પડ્યો છે.

તેવી જ રીતે, રાજકોટ તાલુકા પંચાયત ની ૨૨ બેઠકોમાંથી ૨૧ બેઠકો પર ભાજપે કબજો જમાવ્યો છે, જ્યારે માત્ર ૧ બેઠક આમ આદમી પાર્ટીના ફાળે ગઈ છે. જિલ્લાની કુલ ૧૧ તાલુકા પંચાયતોમાંથી ૧૦ પર ભાજપનો ભગવો લહેરાયો છે, જે જિલ્લાના દરેક ખૂણે ભાજપના સંગઠનની મજબૂતી દર્શાવે છે. માત્ર ઉપલેટા તાલુકા પંચાયતમાં શાસન મેળવવા માટે રસાકસીની સ્થિતિ જોવા મળી રહી છે, જ્યાં રાજકારણ ગરમાયું છે.

આ ચૂંટણી પરિણામોએ સાબિત કર્યું છે કે રાજકોટમાં ભાજપનું સંગઠન માળખું અને નેતૃત્વ પ્રજાના દિલ જીતવામાં સફળ રહ્યું છે. વિરોધ પક્ષો માટે આ પરિણામો આત્મમંથનનો વિષય બન્યા છે, જ્યારે ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પરિણામઃ માયાભાઈ આહીરની દીકરી સોનલ ડેરની હાર, લોધીકાથી ધીરુભાઈ સરવૈયાના પુત્રની જીત

અમરેલી,

મંગળવારે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા, જેમાં સૌરાષ્ટ્ર પંથકમાં મોટા ઉલટફેર જોવા મળ્યા છે. અમરેલી જિલ્લાની લાઠી તાલુકા પંચાયતની ચાવંડ બેઠક પર સૌનું ધ્યાન હતું, જ્યાં જાણીતા લોકસાદિત્યકાર માયાભાઈ આહીરની દીકરી સોનલબેન ડેર મેદાનમાં હતા. ભાજપના (મ્ત્ર) ઉમેદવાર સોનલબેન ડેરની આ બેઠક પર હાર થઈ છે. લોકપ્રિય કલાકારની પુત્રી હોવા છતાં મતદારોએ પરિવર્તન સ્વીકાર્યું છે અને આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિજેતા જાહેર થયા છે.

અમરેલીમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે કારણ કે કોંગ્રેસના ઉમેદવાર શાંતિબેન ડેરનો ચાવંડ બેઠક પર ભવ્ય વિજય થયો છે. શાંતિબેન ડેરે આશરે ૫૦૦ થી વધુ મતોના તફાવતથી જીત હાંસલ કરીને ભાજપના ગઢમાં ગાબડું પાડ્યું છે. લાઠી તાલુકા પંચાયતની આ બેઠક પરની હાર રાજકીય માટે ચર્ચાનો વિષય બની છે.

રાજકોટ જિલ્લામાં ભાજપ માટે વિજયના સમાચાર આવ્યા છે. લોધીકા જિલ્લા



પંચાયત બેઠક પર ભાજપે કબ્જો જમાવ્યો છે જેમાં ખુબ પ્રખ્યાત હાસ્ય કલાકાર ધીરુભાઈ સરવૈયાના પુત્ર દિલીપભાઈ સરવૈયાનો ભવ્ય વિજય થયો છે. દિલીપભાઈ સરવૈયા ૧૧૦૦ થી વધુ મતોની જંગી સરસાઈથી જીતી ગયા છે. રાજકોટ જિલ્લા પંચાયતની આ બેઠક પર કેસરીયો લહેરાતા ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO: 345**
વિષયઃ એક ગરમ દિવસનો અનુભવ
શીર્ષકઃ તોબા ગરમી
પ્રકારઃ ગદ્ય - શબ્દોઃ૧૭૮

એક ગરમ દિવસનો અનુભવ એટલે સુરતનો મેં મહિનો, સવારના ૯ વાગ્યા, પણ લાગે જાણે બપોરના ૨ વાગ્યા હોય.
તો બહારથી લૂ નો ઝપાટો મોઢા પર વાગ્યો. જાણે કોઈએ ગરમ હવાનો તાવો ખુલ્લો મૂક્યો હોય. ચકલી પણ ઝાડની ડાળે મોઢું ખોલીને બેઠી હતી. પાણીના કુંડાય સુકાઈ ગયા'તા.

બપોરે બજાર જવાનું થયું. ૧૨ વાગ્યે રસ્તા સૂમસામ. ડામર ઓગળે એવો તાપ. ચંપલ પહેરીને ચાલીએ તો તળિયા દાઝે. શાકવાળો ભાઈ લીમડા નીચે બેઠો હતો, માથે ભીનો રૂમાલ બાંધીને. કેરીવાળી બાઈ બૂમ પાડે પણ અવાજમાં જોર નહિઃ "લ્યો કેસર ... મીઠા.

પાણીની બોટલ ૧૦ મિનિટમાં ગરમ પાણી થઈ ગઈ. શેરડીના રસવાળાની લારી પાસે લાઈન લાગેલી. એક ગ્લાસ ઠંડો રસ ગળે ઊતરે એટલે જાણે અમૃત મળ્યું એવું લાગ્યું હો.

ગરમ દિવસ શીખવે કે છાંયડો કેટલો કિંમતી છે. પાણીનું એક ટીપું કેટલું મહત્વનું છે. અને મજૂર, ખેડૂત, ટ્રાફિક પોલીસ, બસ ડ્રાયવર, કંડક્ટર,આ તાપમાં કેવી રીતે ઊભા રહે છે.

આકરા તાપનો દિવસ સાચે જ માથાનો દુઃખાવો થઈ જાય છે. તોબા આ ગરમી.

હંસા ઝાલા "લાગણી" (સુરત)
★★★★★★
**NOGSS :168**
વિષય : એક ગરમ દિવસનો અનુભવ
શીર્ષક : ગરમી નો મિજાજ
પ્રકારઃ પદ્ય શબ્દઃ ૧૫૦

ગરમી કહે થંભી જા ચેતી જા મારો મિજાજ ખરાબ છે,
જલ થલ આકાશ વાયુ અગ્નિનો મિજાજ ખરાબ છે.

ચારે કોર ભાગમભાગ દોડમ દોડ ગરમીનું મિજાજ પરખાય છે,
ગરમી કહે, મારો મિજાજ તું ઓળખી નથી શક્યો, હું કોણ છું ?

મારી આગળ તારાં એસી કુલર પંખા હવા બધાં ફેલ છે,
સમય સમય પર હું આવું છું, મારું વિકરાળ સ્વરૂપ લઈ...

અનુભવ કરી લે મારો તું રસ્તા પર ઘર બહાર નીકળી....
ન સમજી શકે તું મારી અગ્નિ જ્વાળા ને તો પસ્તાવું પડશે.

ગરમી કહે મારી આગળ મનુષ્યનાં કાવા દાવા બધાં ફેલ છે,
ચારે કોર અગ્નિ તાંડવ નૃત્ય હું કરી શકું છું, હું એ જ્વાળા મુખી છું.

હું આ ઋતુ ની માલિક છું , હું જે ધારૂ તે કરી શકું છું,
પ્રકૃતિ ને ઓળખતા શીખો, પર્યાવરણની જાળવણી કરો.

જીવો અને જીવવા દો, પશુ પંખી પ્રાણીઓ પર દયા કરો,
તો ઈશ્વરના દયા નાં પાત્ર જરૂર બનશો, અજમાવી જુઓ.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)
ઈન્ટરનેશનલ આધ્યાત્મિક લેખક
★★★★★★
**NOGGS:226**
વિષયઃ-એક ગરમ દિવસનો અનુભવ
શીર્ષકઃ-?હું રંક ને ઉનાળો રચનાઃ- પદ્ય શબ્દોઃ-૮૩

ચીંથરાની ચાદરની પાતળી છાંયમાં શ્વાસ સહું છું,
પવન ના આવે ત્યારે ગૂંગળામણનો ત્રાસ સહું છું.

એક ડોલ પાણીની લાંબી લાઈનની તરસ સહું છું,
બાળકની સુકાયેલી જીભને જોઈ લાચારી સહું છું.

ટપકતા પાણીને ખોબામાં ઝીલતાં આશા સહું છું,
તાપે પણ તિરસ્કારભરી દ્રષ્ટિનું અપમાન સહું છું.

પેટની અગન કાજે ગરમીમાં કાળી મજૂરી સહું છું.
મુજ કુટુંબની ભૂખને કાજે તપી રહી મજૂરી સહું છું.

રાતે પણ ન ઠરતી ફૂટપાથની ગરમી હાડે સહું છું,
ઉનાળો આમ ઋતુ નહીં, રોજ મૃત્યુનો ડર સહું છું.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)
★★★★★★
**NOG SS NO: 334**
વિષય :-એક ગરમ દિવસનો અનુભવ
શીર્ષક :- આકરો ઉનાળો
પ્રકારઃ-પદ્ય. શબ્દોઃ- ૮૮

આકરો ઉનાળો પરસેવે રેબઝેબ કરી જાય છે,
ગરમ વાયરો ફૂંકાતા શરીર શેકાઈ જાય છે.

ચેન કાંઈ પડતું નથી,મન કાંઈ માનતું નથી,
કરવાનાં ઘણા કામો આખરે રોકાઈ જાય છે.

તરસ્યા પશુ,પંખી વલખે છે આખી અવનિ પર,
બુંદ પાણી ના મળતાં મોતના મુખમાં ધકેલાઈ જાય છે.

ધોમધખતા તાપમાં પશુ,પંખી છાંયડો શોધે છે,
આશરો ક્યાંય ના મળતાં પોતે હોમાઈ જાય છે.

ગરમીના પ્રકોપમાં રસ્તાઓ સૂમસામ લાગે છે,
ગરમી,લૂથી બચવા માનવ ઘરમાં ભરાઈ જાય છે.

પર્યાવરણનો નાશ કરી માનવે કુઠારાઘાત કર્યો,
ગ્લોબલ વૉર્મિંગના અનુભવથી હવે પસ્તાઈ જાય છે.

મહેશભાઈ રાઠોડ ' સ્નેહદીપ ' (હિંમતનગર)
★★★★★★★
**NOG SS no 387**
વિષયઃએક ગરમ દીવસ નો અનુભવ
શિર્ષકઃ"અગન વરસે અનરાધાર"
પ્રકારઃ ગદ્ય, શબ્દોઃ૧૩૪
એક અનમોલ વૃક્ષ ની કિંમત શું હોય છે તે સમજાવતો...આ ધગધગતો ઉનાળો!
એક બૂંદ પાણી કિંમત સમજાવતો આગ ઓકતો ઉનાળો!
અબોલ, મૂંગા જીવો ના તડફડાટ વાળી અકથ્ય લાચારી સમજાવતો અસહ્ય ઉનાળો!
તેમના માટે પરોપકારી બનવા ડોળા કાઢીને સમજાવતો ઉનાળો!!

મજૂર,ગરીબો, ફેરિયાઓ ના રોજી ની મજબૂરી ની કરુણ દાસ્તાન દર્શાવતો પગે ફોલ્લા પડી જાય તેવો આકરો ઉનાળો!
એ.સી.,કુલર ની ઐસી કી તૈસી કરી શોર્ટ સર્કીટ દ્વારા ભીષણ આગમાં જાનમાલ ની નુકસાની થી- હવે તો પર્યાવરણ બચાવો ની બૂમો પાડતો રાતોચોળ ઉનાળો!
નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, વયસ્કો, બિમાર વ્યક્તિઓ નો વલોપાત દેખાડતો લૂ વરસાવતો ઉનાળો!
તોબા તોબા ત્રાહિમામ ત્રાહિમામ
સૂરજ હવે ધીમા તપો ( ૨ )
"એક ઠંડી લહર કી કિંમત તુમ ક્યા જાનો પર્યાવરણ કી ઘોર ખોદને વાલો!!"
પુનિતા બેન -અમદાવાદ.

# જેની પાસે ધ્યેયનું અજવાળું છે,એને સૂરજ ઊગે કે ના ઊગે એનાથી ફરક નથી પડતોએનો આત્મવિશ્વાસ જ એના માર્ગ નો પ્રકાશ બનીને ઉભો રહેછે

"જે હાથ દેખાતા નથીઃ પિતાની પ્રાર્થના અને આપણી સફળતા"

-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+-+

આપણે જીવનમાં જે ઊંચાઈઓ સર કરીએ છીએ,જે માન-સન્માન,આરામ કે સમૃદ્ધિ પામી એ છીએ, તેના મૂળમાં ફક્ત આપણી મહેનત જ છે એવું આપણે માની લઈએ છીએ. પણ સત્ય ઘણીવાર દેખાતી વાસ્તવિકતાથી ઊંડું હોય છે. દરેક સફળ સંતાનની છાયામાં એક અદૃશ્ય હાથ હોય છે, જે રાત-દિવસ તેના માટે પ્રાર્થના કરતો હોય છે. એ હાથ પિતાનો હોય છે. જ્યારે આ સત્યની અનુભૂતિ થાય છે, ત્યારે ઘણીવાર પસ્તાવા સિવાય કંઈ બચતું નથી. પિતા અને પુત્રની આ કથા એ જ અદૃશ્ય પ્રેમ, બલિદાન અને નિઃસ્વાર્થ પ્રાર્થના નું દર્પણ છે.
એકવાર પિતા અને પુત્ર હોડીમાં બેસીને દરિયાની સફરે નીકળ્યા. રસ્તો ભૂલ્યા, વાવાઝોડું આવ્યું અને હોડી તૂટી ગઈ. નસીબજોગે તેઓ બે નજીક-નજીક આવેલા નિર્જન ટાપુઓ પર પહોંચ્યા. ચારે બાજુ અથાહ જળરાશિ, દૂર-દૂર સુધી મદદનો કોઈ સંકેત નહીં. જીવન અને મૃત્યુ વચ્ચે માત્ર એક શ્વાસનું અંતર હતું.
પિતાએ નિરાશ થઈને કહ્યું, "દીકરા, લાગે છે આપણો અંતિમ સમય આવી ગયો."
પણ બીજી જ ક્ષણે પિતાના મનમાં આશાનું એક કિરણ જાગ્યું. "છેલ્લી ઘડીએ આપણે ઈશ્વરને કેમ ન યાદ કરીએ?" બંનેએ બે ટાપુ વહેંચી લીધા. પિતા એક ટાપુ પર અને પુત્ર બીજા ટાપુ પર પ્રાર્થના કરવા બેસી ગયા.
સંકટમાં પણ પુત્રનું મન પોતાના 'સ્વ'ની આસપાસ જ ફરતું રહ્યું. તેણે પ્રાર્થના કરીઃ "હે પ્રભુ, આ નિર્જન ટાપુ પર ફળ-ફૂલથી લચી પડતા વૃક્ષો ઉગાડો, જેથી હું મારી ભૂખ મિટાવી શકું."
તત્ક્ષણ ચમત્કાર થયો. આખો ટાપુ હરિયાળો થઈ ગયો, રસદાર ફળોથી લચી પડ્યો. પુત્ર આશ્ચર્યચકિત થઈ ગયો. તેને વિશ્વાસ બેઠો કે તેની પ્રાર્થના સીધી ઈશ્વર સુધી પહોંચે છે.
હવે તેની બીજી માંગ હતીઃ "હે પ્રભુ, અહીં એક સુંદર સ્ત્રી મોકલો જેથી હું એકલતા કાપી શકું અને મારું કુટુંબ વસાવી શકું." પળવારમાં એક રૂપવતી સ્ત્રી તેની સામે પ્રગટ થઈ.
બે પ્રાર્થના સફળ થતાં પુત્રનો આત્મવિશ્વાસ વધી ગયો.તેણે ત્રીજી અને અંતિમ પ્રાર્થના કરીઃ "હે ઈશ્વર,હવે મને અહીંથી બહાર નીકળવા માટે એક મજબૂત હોડી આપો."
જોતજોતામાં કિનારે એક સુંદર હોડી આવીને ઊભી રહી.પુત્ર એક ક્ષણ પણ વિચાર્યા વગર હોડીમાં બેસી ગયો અને પિતાને ટાપુ પર એકલા છોડીને નીકળી પડ્યો.જેવો પુત્ર દરિયામાં થોડે દૂર ગયો કે આકાશમાંથી ગંભીર આકાશવાણી થઈઃ "હે દીકરા, ઊભો રહે!તું એકલો ક્યાં જાય છે? શું તું તારા પિતાને સાથે નહીં લઈ જાય?"
પુત્રએ ઘમંડથી જવાબ આપ્યોઃ "તેની એક પણ પ્રાર્થના તમે સાંભળી નથી. કદાચ તેનું હૃદય શુદ્ધ નથી. જેનું કર્મ તેવું ફળ. તેને અહીં જ રહેવા દો."
આકાશવાણી વધુ ગહેરી બનીઃ "મૂર્ખ દીકરા, શું તને ખબર છે કે તારા પિતાએ શું પ્રાર્થના કરી હતી?" "ના, મને ખબર નથી અને જાણવામાં રસ પણ નથી."
આકાશવાણી થઈઃ "તો સાંભળ. તારા પિતાએ પોતાના માટે કશું જ માંગ્યું નહીં. તેણે ફક્ત એક જ પ્રાર્થના કરીઃ 'હે ભગવાન! મારો દીકરો તમારી પાસે જે કંઈ માંગે તે તેને આપી દેજો, કારણ કે હું તેને કોઈપણ સંજોગોમાં દુઃખી જોઈ શકતો નથી. અને જો આજે મૃત્યુ નિશ્ચિત જ હોય, તો મારા દીકરા પહેલાં મને ઉપાડી લેજો.' દીકરા, આજે તને જે ફળ, જે સ્ત્રી અને જે હોડી મળી છે, તે તારી પ્રાર્થનાનું નહીં, તારા પિતાની નિઃસ્વાર્થ પ્રાર્થનાનું પરિણામ છે."પુત્ર સ્તબ્ધ થઈ ગયો શરમથી તેની નજર ઝૂકી ગઈ.તેને સમજાયું કે તે જેને પોતાની સિદ્ધિ માનતો હતો,તે તો પિતાના બલિદાનનો પડછાયો હતો.
આ કથાનો મર્મ સમજવા માટે ગોપીગીતનો ભાવ સમજવો અનિવાર્ય છે.ભગવાન શ્રીકૃષ્ણ એ જ્યારે ગોપીઓ સાથે રાસ રમાડ્યો,ત્યારે ગોપીઓના મનમાં સૂક્ષ્મ અહંભાવ જાગ્યો કે "આ જગતમાં અમારાથી વધુ ભાગ્ય શાળી કોણ?" આ 'હું'નો ભાવ ભગવાનથી વિમુખ કરે છે.
દસમ સ્કંધએ શ્રીમદ્ ભાગવતનું હૃદય છે,રાસલીલાએ દસમસ્કંધ નું હૃદય છે, અને ગોપીગીત એ રાસલીલાનું હૃદય છે.એટલેગોપી ગીત એ હૃદયનું પણ હૃદય છે.
ગોપી એટલે કોણ?ગોપી કોઈ દેહ નથી.ગોપી એટલે દિવ્ય પ્રેમ મય, આનંદમય પ્રભુનું સ્વરૂપ. જ્યારે સ્ત્રી-પુરુષના દેહભાવથી પર થવાય, ત્યારે ગોપીભાવ પ્રગટે.
રાસ એટલે શું?આ કોઈ લૌકિક નૃત્ય નથી.રસરૂપ પરમાત્મા સાથે આત્માનું એકરૂપ થઈ જવું એનું નામ રાસ છે.આત્મા અને પરમાત્માના મિલનનો મહોત્સવ એટલે રાસ. વિયોગ શા માટે? ગોપીઓને અભિમાન થતાં જ તેમની દૃષ્ટિ 'પ્રભુ' પરથી હટીને 'સ્વ' પર ગઈ. દૃષ્ટિ જ્યારે પોતાનામાં પડે ત્યારે પ્રભુ અલોપ થાય.પ્રભુએ જાણી જોઈને તેમનામાં અહંકાર જગાડ્યો,જેથી વિયોગની ભયંકર અગ્નિ પ્રગટે. વિયોગની પરાકાષ્ઠાએ જ્યારે 'હું' ઓગળી ને સંપૂર્ણ દૈન્ય પ્રગટે છે, ત્યારે જ સંયોગનો પરમ આનંદ મળે છે, ગોપનશીલાઃગોપી એટલે જે પોતાની ભક્તિને ગુપ્ત રાખે, તેનો દેખાડો ન કરે. જે પ્રેમનો ઢંઢેરો પીટે તે ગોપી નહીં.
પિતા-પુત્રની કથા અને ગોપી ગીત, બંનેનો સાર એક જ છે અહંકારનું વિસર્જન.પિતા એટલે નિઃસ્વાર્થ પ્રેમનું શિખરઃઆ જગતમાં પિતા એકમાત્ર એવી વ્યક્તિ છે જે પોતાના સંતાનને પોતાનાથી પણ હજાર ગણું આગળ વધેલું જોવા માંગે છે, અને તેના બદલામાં કોઈ અપેક્ષા રાખતો નથી. તેનું સુખ જ પુત્રના સુખમાં સમાયેલું હોય છે.ઘમંડ એ સૌથી મોટો શત્રુઃ★ પુત્રની જેમ આપણે પણ સફળતાનો સંપૂર્ણ શ્રેય જાતે લઈ લઈએ છીએ. આપણે ભૂલી જઈએ છીએકે આપણા માથા પર માતા પિતાના આશીર્વાદનું છત્ર છે.આ ઘમંડ જ આપણા પતનનું કારણ બને છે.ઋણ જે ચૂકવી ન શકાય માતા- પિતાએ આપણા માટે જે કર્યું છે તેનું ઋણ આપણે ગમે તેટલી સંપત્તિ કે સેવા આપીને ચૂકવી શકતા નથી. તેમનું ઋણ ફક્ત કૃતજ્ઞતાથી જ અદા થઈ શકે.દૈન્ય એટલે પ્રભુના પ્રાગટ્ય ની પૂર્વશરતઃ જ્યાં સુધી 'હું કર્તા છું' નો ભાવ છે ત્યાં સુધી ઈશ્વર દૂર છે. જ્યારે 'હું' મટીને 'તું જ તું' નો ભાવ જાગે છે, ત્યારે પ્રભુ દોડતા આવીને ભેટી પડે છે.
વાચક મિત્રો, આજે આપણે જે પણ છીએ,જે પણ પામ્યા છીએ તેની પાછળ અનેક અદૃશ્ય પ્રાર્થનાઓ,અસંખ્ય બલિદાનો અને નિઃસ્વાર્થ પ્રેમ કામ કરી રહ્યો છે. સૌથી પહેલું સ્થાન આપણા માતા-પિતાનું છે. તેમને ક્યારેય બોજ ન સમજો. તેમની સેવા એ જ સાચી ઈશ્વર ભક્તિ છે.અને જ્યારે આ વાત હૃદયમાં ઊતરે,ત્યારે આપણી ફરજ બને છે કે આપણે પણ કોઈના માટે અદૃશ્ય હાથબનીએ જરૂરિયાત મંદોને મદદ કરીએ, કારણ કે આપણને મળેલું દરેક સુખ કોઈકની નિઃસ્વાર્થ પ્રાર્થનાનું વ્યાજ છે. મૂડી તો તેની જ છે. તેને વહેંચતા રહીએ એ જ સાચી કૃતજ્ઞતા છે.

યશપાલસિંહ ટી. વાઘેલા
દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર, થરા★

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું પરિણામ જાહેર થતાં તમામ વિજેતા ઉમેદવાર પાળીયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં દર્શને



આજરોજ તારીખ ૨૮ ૪ ૨૦૨૬ ને મંગળવારના રોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું પરિણામ જાહેર થતાં તમામ વિજેતા ઉમેદવાર પાળીયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં દર્શને આવેલ અને પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ના આશીર્વાદ લીધેલ તેમજ પૂજ્ય શ્રી ભયલુબાપુની શુભેચ્છા મુલાકાત લીધી ભયલુબાપુ દ્વારા તમામ વિજેતા ઉમેદવારોનું પુષ્પ માળા તેમજ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ
૧.શ્રી વર્ષાબેન વિનોદભાઈ ધરજીયા - બોટાદ જિલ્લા પંચાયત પાળીયાદ સીટ (વિનોદભાઈ ધરજીયા)
૨.શ્રી રાહુલભાઈ ગોહિલ - બોટાદ તાલુકા પંચાયત સીટ નં.૧
૩.શ્રી જેન્તીભાઈ ઘોડકીયા - બોટાદ તાલુકા પંચાયત સીટ નં.૨
૪.શ્રીમતી લીલાબેન વિનુભાઈ સોલંકી - જાળીલા જિલ્લા પંચાયત સીટ (વિનુભાઈ સોલંકી
૫.શ્રીમતી કૈલાશબેન વિનોદભાઈ સોલંકી - ઉમરાળા જિલ્લા પંચાયત સીટ (વિનોદભાઈ સોલંકી )
૬.શ્રી રવિરાજભાઈ વલકુભાઈ ધાધલ -મોટી વાવડી તાલુકા પંચાયત સીટ
૭.શ્રી પાંચાભાઈ દીપાભાઈ બાવળીયા -અળવ તાલુકા પંચાયત સીટ
૮.વનરાજભાઈ આલકુભાઈ ખાચર - બરવાળા નગરપાલિકા સદસ્ય
૯.વિજય સિંહ ચૌહાણ - મહામંત્રી રાણપુર તાલુકા ભાજપ
૧૦.કિશોરભાઈ ધાધલ એપીએમસી ચેરમેન રાણપુર

## કૌશલ્ય શિક્ષણ પર વિજ્ઞાન સેમિનાર અને પુરસ્કાર સમારંભ સફળતાપૂર્વક યોજાયો

ગાંધીનગર ટાઉનહોલ ખાતે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા "કૌશલ્ય શિક્ષણ પર વિજ્ઞાન સેમિનાર અને પુરસ્કાર સમારંભ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવો તથા કૌશલ્ય આધારિત શિક્ષણનું મહત્વ સમજાવવાનો હતો.કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (જીછઝ),"જીઈ ના ડિરેક્ટર શ્રી નિલેશ એમ.દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરિત કરતા કૌશલ્ય વિકાસની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.આ પ્રસંગે વિશિષ્ટ



અતિથિ તરીકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પિયુષભાઈ પટેલ હાજર રહ્યા હતા. તેઓએ શિક્ષણ ક્ષેત્રે નવી દિશા આપતા આવા કાર્યક્રમોની પ્રશંસા કરી હતી.

આ કાર્યક્રમની ખાસિયત તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જેમણે આજે પોતાના આગવા સ્ટાર્ટઅપ સ્થાપી જીવનમાં નોંધપાત્ર સફળતા મેળવી છે, તેઓ તજજ્ઞ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના અનુભવો શેર કરીને વિદ્યાર્થીઓને પ્રેરણા આપી અને કૌશલ્ય આધારિત કારકિર્દી વિશે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર તેમજ ગુજકોસ્ટ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અને વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ નિષ્ણાતો દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સિક્યુરિટી, એન્જિનિયરિંગ તથા બેઝિક સાયન્સ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ જાગૃત થાય અને તેઓ નવીનતા તરફ આગળ વધે તેવા હેતુસર યોજાયેલ આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.જેમાં ૬૦૦ જેટલા લોકો જોડાયા હતા.

# મહાનગર પાલિકાની ચૂંટણીમાં મત કુટિરમાં પ્રવેશી મતદાન કરતી વખતે મોબાઈલમાં વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં મૂક્યો હતો

સુરત

સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં સમગ્ર શહેર સહિત રાજ્યમાં મતદાતાઓએ મતદાન કર્યું હતું. જોકે આ મતદાન દરમિયાન કેટલાક લોકોએ પ્રતિબંધિત વિસ્તારમાં પણ મોબાઈલ વાપરી મતદાન કરતા હોય તેવા વીડિયો મોબાઈલમાં ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. જેથી પોલીસે આવા લોકો સામે ગુનો દાખલ કરવાની તજવીજ શરૂ કરી છે. સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા યુવકે પણ મતદાન કરી વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. જેથી પોલીસે તેની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રતિબંધિત એરિયામાં મોબાઈલ કેવી રીતે પહોંચ્યો?

સુરત શહેરમાં ગતરોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું શાંતિપૂર્ણ માહોલમાં મતદાન મોડી સાંજે પૂર્ણ થયું હતું. શહેરના અલગ અલગ વિસ્તારોમાં અનેક નાની-મોટી બોલાચાલીએ પોલીસ તંત્ર અને ચૂંટણી પંચને સતત દોડતું રાખ્યું હતું. જોકે આ દરમિયાન કેટલાક લોકોએ મતદાન મથકની અંદર પ્રતિબંધિત એરિયામાં મોબાઈલ પણ લઈ ગયા હતા. પ્રતિબંધ હોવા છતાં પણ મતદાન મથકની અંદર પોતે મત આપતા હોય તેવા વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વીડિયો અપલોડ કરી સુરત શહેર પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો. જેથી પોલીસે આવા તત્વો સામે પગલાં લેવાની શરૂઆત કરી છે.

મતદાનનો વીડિયો ઉતારનાર યુવક સામે પોલીસે ગુનો નોંધ્યો

સુરતમાં પુણાગામ ખાતે આવેલ સન્માન સોસાયટી પાસે હરેકૃષ્ણ વિદ્યાલય રૂમ નં. ૩ની અંદર બોર્ડ નં. ૧૭ મતદાન મથક ૪૨માં ચિરાગ બાવચંદભાઈ બરવાળીયા નામની વ્યક્તિ મતદાન કરવા માટે આવી હતી. જોકે ચિરાગે મોબાઈલ સાથે મત કુટિરમાં પ્રવેશી મતદાન કરતી વખતે મોબાઈલમાં વીડિયો ઉતારી સોશિયલ મીડિયા પર વાયરલ કરી મતદાનની ગુપ્તતા અને સુરત શહેર પોલીસ કમિશનરના જાહેર નામાનો ભંગ કર્યો હતો. જેથી પોલીસે તેની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મતદાન કરતા હોય તેવા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં લોકોએ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન કર્યું હતું. જો કે આ દરમિયાન શહેરના ઘણા બધા અલગ અલગ વિસ્તારોમાં ભાજપના નેતાઓ, કાર્યકર્તાઓ તથા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના પણ નેતાઓ અને કાર્યકર્તાઓએ પોતાના મતવિસ્તારમાં મતદાન કર્યું હતું. જોકે આ દરમિયાન તેઓએ મત કુટિરની અંદર મતદાન કરતા હોય તેવા વીડિયો પોતાના મોબાઈલમાં ઉતાર્યા હતા અને પોતાના આકાઓ તથા લોકોમાં દેખાડો કરવા માટે આ પ્રકારના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ પણ કર્યા હતા.

પોલીસની કાર્યવાહીની વીડિયો ડીલીટ મારવાની શરૂઆત?

જોકે મોડી સાંજે પોલીસની ભીંસ વધતા અને આ પ્રકારના વીડિયો વાયરલ કરનાર સામે કાયદેસરના પગલાં લેવાનો આદેશ આપતાની સાથે જ તાત્કાલિક આવા લોકોએ પોતાની પ્રોફાઇલમાંથી વીડિયો ડીલીટ મારવાની શરૂઆત કરી દીધી હતી.

શું વીડિયો ડીલીટ



મારનાર લોકો સામે પણ પોલીસ પગલા લેશે?

સાંજ સુધીમાં મોટાભાગના ત્રણેય પાર્ટીના ઉમેદવારો અને કાર્યકર્તાઓ પૈકી જેમણે પણ પોતાની સોશિયલ મીડિયા પ્રોફાઈલમાં આ પ્રકારના વીડિયો અપલોડ કર્યા હતા. તેઓએ તાત્કાલિક ધોરણે વીડિયો ડીલીટ માર્યા હતા. ઉલ્લેખનીય છે કે, પોલીસની સખ્ત કાર્યવાહીની શરૂઆત થતાની સાથે જ સોશિયલ મીડિયામાંથી વીડિયો ડીલીટ મારનાર લોકો સામે પણ પોલીસ પગલા લેશે કે કેમ તેવા સવાલો ઉઠી રહ્યા છે. કારણ કે આવા લોકોએ પણ મતદાનની ગુપ્તાનો ભંગ કરવા સાથે શહેર પોલીસ કમિશનરના જાહેરનામનો ભંગ કયા

# પંજાબના પટિયાલામાં રેલવે ટ્રેક પર પ્રચંડ બ્લાસ્ટ

પટિયાલા, તા.૨૯

પંજાબના પટિયાલામાં સોમવારે મોડી રાત્રે શંભૂ-અંબાલા રેલ ટ્રેક પાસે થયેલા એક શક્તિશાળી ધડાકાએ સુરક્ષા એજન્સીઓને દોડતી કરી દીધી છે. રાત્રે અંદાજે ૧૦ વાગ્યે માલગાડીઓ માટેના અનામત ટ્રેક પાસે આ વિસ્ફોટ થયો હતો, જેમાં રેલવે ટ્રેકને નુકસાન પહોંચ્યું છે. ઘટનાની ગંભીરતા જોતા પટિયાલાના એસએસપી વરૂણ શર્મા સહિતના ઉચ્ચ અધિકારીઓ, જીઆરપી અને આરપીએફની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ એક ઓછી તીવ્રતાનો બ્લાસ્ટ હતો, જેની ફોરેન્સિક ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.આ ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, જે જગ્યાએ ધડાકો થયો હતો તેની નજીકથી જ એક અજ્ઞાત વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. જોકે, આ વ્યક્તિનું મોત ધડાકાને કારણે થયું છે કે અન્ય કોઈ કારણોસર, તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પોલીસ અત્યારે આ મૃતદેહ અને ધડાકા વચ્ચેના સંબંધની તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ જાન્યુઆરીમાં પણ ફતેહગઢ સાહિબ જિલ્લાના સરહિંદમાં ળેટ કોરિડોરના ટ્રેક પર આવો જ એક વિસ્ફોટ થયો હતો, જેમાં ટ્રેનનું એન્જિન ક્ષતિગ્રસ્ત થયું હતું. રેલવે ટ્રેક પર વારંવાર થઈ રહેલા આવા ધડાકાઓને કારણે સુરક્ષા વ્યવસ્થા સામે અનેક સવાલો ઊભા થયા છે.

# ચારધામ યાત્રાના યાત્રિકોને વધુ સુગમતા માટે આરોગ્ય વિભાગ દ્વારા મહત્વપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરાઈ

ગાંધીનગર,

દરવર્ષે ગુજરાત સહિત ભારતભરમાંથી લાખો યાત્રિકો આસ્થા સાથે હિમાલય વિસ્તારમાં આવેલી ચારધામની યાત્રા ભક્તિભાવ સાથે પૂર્ણ કરે છે. ચારધામ યાત્રાના તમામ તીર્થસ્થળો સમુદ્ર સપાટીથી અંદાજે ૨૭૦૦ મીટરથી વધુ ઊંચાઈ પર આવેલા છે. આ અત્યંત ઊંચા હિમાલયી વિસ્તારોમાં પ્રવાસીઓને અતિશય ઠંડી, ઓછું વાયુ દબાણ, ઓક્સિજનની અછત અને વધુ પડતા અલ્ટ્રાવાયોલેટ કિરણો જેવી પડકારરૂપ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. આવા સમયે તમામ યાત્રિકોની સુરક્ષા અને સુગમ યાત્રા સુનિશ્ચિત કરવા ચારધામ યાત્રા -૨૦૨૬ માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

★ ૧. યાત્રા પૂર્વેની તૈયારી (3P - પ્લાનિંગ, પ્રિપેર્ડનેસ અને પેકિંગ)

★પ્લાનિંગ - આયોજન : યાત્રાળુઓએ શરીરને ઊંચાઈ અને વાતાવરણ સાથે અનુકૂળ થવા માટે ઓછામાં ઓછા ૭ દિવસની યાત્રાનું આયોજન કરવું જોઈએ. મુસાફરી દરમિયાન દર એક કલાકના ટ્રેક કે બે કલાકના વાહન પ્રવાસ બાદ ૫-૧૦ મિનિટનો વિરામ લેવો જોઈએ.

★પ્રિપેર્ડનેસ- તૈયારીઃ યાત્રાળુઓએ દરરોજ ૫-૧૦ મિનિટ શ્વસન સંબંધિત વ્યાયામ અને ૨૦-૩૦ મિનિટ ચાલવાની ટેવ પાડવી જોઈએ. ૫૫ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ અથવા હૃદયરોગ, દમ, બ્લડ પ્રેશર કે ડાયાબિટીસનો ઈતિહાસ ધરાવતા યાત્રિકોએ મુસાફરી પહેલાં ફરજિયાત આરોગ્ય તપાસ કરાવી લેવી જોઈએ.

★પેકિંગઃ યાત્રાળુઓએ પૂરતા ગરમ કપડાં જેમ કે - સ્વેટર, થર્મલ, પફર જેકેટ, હાથમોજા, મોજાં, રેનકોટ અને છત્રી સાથે રાખો. પલ્સ ઓક્સીમીટર, થર્મોમીટર જેવા પ્રાથમિક સાધનો, નિયમિત દવાઓ સાથે રાખવી. જો ડૉક્ટર મુસાફરી કરવાની ના પાડે, તો યાત્રા ટાળવી.

૨. યાત્રા દરમિયાન સાવચેતી-

આરોગ્ય કેન્દ્રોની જાણકારીઃ યાત્રા માર્ગ પર આરોગ્ય વિભાગ દ્વારા સ્થાપિત મેડિકલ કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોના નકશાનો સંદર્ભ લેવો.

★તાત્કાલિક લક્ષણોઃ જો કોઈ પણ યાત્રાળુને છાતીમાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, સતત ઉધરસ, ચક્કર આવવા, ચાલવામાં મુશ્કેલી, ઉલટી થવી, ત્વચા ઠંડી પડી જવી અથવા શરીરના કોઈ ભાગમાં સુનપણું લાગે તો વિલંબ કર્યા વિના નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો.

★સાવચેતીઃ યાત્રા દરમિયાન દારૂ, કેફિનયુક્ત પીણાં, ઊંઘની ગોળીઓ અને પેઈનકિલર્સ દવાઓથી દૂર રહેવું, ધૂમ્રપાન ન કરવું. આ ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી જેમ કે ઓછામાં ઓછું બે લીટર પાણી લેવું અને પૌષ્ટિક આહાર લેવો.

૩. ખાસ ધ્યાન આપવા જેવી બાબતોયાત્રા દરમિયાન ૫૫ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ, ગર્ભવતી મહિલાઓ, હૃદયરોગ, બ્લડ પ્રેશર, દમ, ડાયાબિટીસ અને સ્થૂળતા (ઓબેસિટી) ધરાવતા યાત્રિકોએ વિશેષ કાળજી રાખવી. કોઈપણ આરોગ્ય સંબંધિત કટોકટીના સમયે તરત જ ૧૦૪ હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરવો તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

# વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં કરાશે વન્યજીવોની ગણતરી

ભાવનગર

વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન નીચેના ૧ લાખ હેકટરના વિસ્તારમાં આવતીકાલે તા.૨૯મી એપ્રિલથી બે દિવસ વન્યજીવ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ કાર્યવાહી થશે. ભાવનગરથી ૪૨ કિ.મી.થી અંતરે ભાલ વિસ્તારમાં આવેલા વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં કાળિયાર હરણ, નીલગાય અને વરૂની ગણતરી કરવામાં આવશે. રાષ્ટ્રીય ઉદ્યાનના ૨૫ બ્લોકની ૧ લાખ હેકટર જમીનમાં થનારી વન્યજીવોની ગણતરીની કામગીરીમાં ફોરેસ્ટ સ્ટાફ, એન.જી.ઓ. અને ભાવનગર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સહિતના સભ્યોની ૩૫ ટીમો જોડાવાની છે.

વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન નીચેના વિસ્તારોમાં વિચરતા વન્યજીવોની સંખ્યાનો તાજો આંક મેળવવા દર વર્ષે ઉનાળાની સિઝનમાં ગણતરી અભિયાન હાથ ધરવામાં આવતું હોય છે. આ અભિયાન દરમિયાન મુખ્યત્વે કાળિયાર હરણ (બ્લેકબક) અને નીલગાય (બ્લ્યુ બુલ)ની ગણતરી કરી સંખ્યાનો અંદાજ મેળવવામાં આવશે. વન્યજીવોની ગણતરી પ્રક્રિયામાં વનકર્મીઓ સાથે નિષ્ણાતો, સ્વૈચ્છિક સંસ્થાના સ્વયંસેવકો અને ભાવનગર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જોડાવાના છે. વન્યજીવોની ગણતરીની માહિતીના આધારે વન્યજીવ સંરક્ષણ માટે નવી યોજનાઓનું આયોજન કરવામાં આવશે. ગણતરીના અંતે વન્ય જીવોનો સાચો આંકડો બહાર આવશે.

૩ ઝોન અને ૬ સબ ઝોનમાં થશે ગણતરી

ઝોન-૧ : સબ ઝોન-૧ : નીચે આવતા બ્લોક નંબર-૧, ૨, ૩, ૪ અને ૧૬

સબ ઝોન-૨ : નીચે આવતા બ્લોક નંબર-૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫

ઝોન-૨ : સબ ઝોન-૩ : નીચે આવતા બ્લોક નંબર-૫, ૬, ૭, ૧૭

સબ ઝોન-૪ : નીચે આવતા બ્લોક નંબર-૮, ૯, ૧૦ અને ૧૮

ઝોન-૩ : સબ ઝોન-૫ : નીચે આવતા બ્લોક નંબર-૧૯, ૨૦, ૨૧ અને ૨૨ સબ ઝોન-૬ : નીચે આવતા બ્લોક નંબર-૨૩, ૨૪ અને ૨૫



# લૂંટારુઓએ સિક્યોરિટીને ચૂપચાપ બેસી જા કહી ડરાવ્યો, યુવક પર ૩-૩ બંદૂક તાકી, સુરતમાં ૧૩ મિનિટમાં જ લોકોએ મોત ભાળ્યું

સુરત

ડાયમંડ સિટી સુરત એક મોટી લૂંટની ઘટનાથી હચમચી ઉઠ્યું છે. વરાછાના લંબે હનુમાન રોડ પર આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (જીમૈ) બ્રાન્ચમાં ગતરોજ બપોરે ૬ લૂંટારુઓએ પિસ્તોલ સાથે આતંક મચાવ્યો હતો. ફિલ્મી સ્ટાઈલમાં આયોજનબદ્ધ રીતે ત્રાટકેલા આ લૂંટારુઓએ માત્ર ૧૩ મિનિટમાં જ બંદૂકની અણીએ અંદાજે ૫૦ લાખની રોકડ રકમ લૂંટી હતી બેંકમાં હાજર કર્મચારીઓ અને ગ્રાહકોને બંધક બનાવીને આ ભયાનક લૂંટની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ પેદા કર્યો છે, જેમાં લૂંટારુઓની ક્રૂરતા જોઈને લોકોના શ્વાસ થંભી ગયા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, લૂંટારુઓ પૂરા આયોજન સાથે આવ્યા હતા. બપોરે ૧.૧૧ વાગ્યે લૂંટારુઓ બેંકમાં ઘૂસ્યા હતા અને ૪૦ મિનિટ સુધી સામાન્ય ગ્રાહકની જેમ કેશ વાનની રાહ જોઈને બેસી રહ્યા હતા. જેવી ૧.૫૪ વાગ્યે ઝસ્જી ગાડી દ્વારા કેશ ડિપોઝિટની કામગીરી શરૂ થઈ કે તરત જ લૂંટારુઓએ અસલી સ્વરૂપ બતાવ્યું હતું. ૧૩ મિનિટના આ તાંડવમાં કેશવાનની રકમ અને કેશ કાઉન્ટર પરની રોકડ મળી કુલ ૫૦ લાખથી વધુની રકમ વિમલના થેલા અને લગેજ બેગમાં ભરી લીધી હતી.

લૂંટારુઓએ બેંકમાં સિક્યોરિટી ગાર્ડને જોરદાર ધોલ મારી દીધી હતી. ગાર્ડ નીચે પડી જતાં જ તેના માથે બંદૂક મૂકી ધમકી આપી હતી કે, ચુપચાપ બેસી જા, નહીંતર ફોડી દઈશ. આ દશ્ય જોઈ બેંકમાં હાજર લોકો અને મહિલાઓમાં રીતસર ફફડાટ વ્યાપી ગયો હતો. મહિલાઓ ડરના માર્યા ધ્રૂજવા લાગી હતી, જ્યારે એક વૃદ્ધ પોતાનો જીવ બચાવવા ગમે તેમ કરીને ત્યાંથી ભાગ્યા હતા.

લૂંટ દરમિયાન બેંકમાં હાજર એક બહાદુર યુવકે લૂંટારુઓનો પ્રતિકાર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ક્રૂર લૂંટારુઓએ તરત જ તેની કાનપટ્ટી પર ત્રણ બંદૂક તાકી દેતા મામલો ગંભીર બન્યો હતો. તમામ લૂંટારુઓ હિન્દી ભાષી હોવાનું બહાર આવ્યું છે. સ્ટાફ પોલીસને જાણ ન કરી શકે તે માટે લૂંટારુઓએ તમામના મોબાઈલ ફોન પણ ઝૂંટવી લીધા હતા.લૂંટને અંજામ આપ્યા બાદ લૂંટારુઓ સ્પોર્ટ્સ બાઈક પર કામરેજ તરફ ભાગ્યા હોવાનું જાણવા મળ્યું છે.



ઘટનાની જાણ થતા જ સુરત ક્રાઈમ બ્રાન્ચ અને ઝોન-૧ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. હાલમાં પોલીસની ૭થી વધુ ટીમો કાર્યરત છે અને વરાછાથી કામરેજ સુધીના તમામ સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવી રહ્યા છે. ધોળા દિવસે થયેલી આ લૂંટે સુરત પોલીસની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઉભા કર્યા છે.

# બાળકોને ૧૨ વાગ્યા પહેલાં છોડવા અને આઉટડોર એક્ટિવિટી ન કરાવવા સ્કૂલોને DEOની સૂચના

અમદાવાદ

આગામી ૨૮ એપ્રિલથી ૪ મે સુધી અમદાવાદમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ રહેવાની આગાહી ભારત હવામાન વિભાગ (IMD) દ્વારા કરવામાં આવી છે. IMD દ્વારા આગામી ૬ દિવસ માટે ઓરેન્જ અને ૧ દિવસ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં મહત્તમ તાપમાન ૪૩થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ, ગુજરાત પર બે દિવસ હીટવેવનો ખતરો છે. આજે (૨૭ એપ્રિલ) કચ્છ, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ, રાજકોટ અને પોરબંદરમાં, જયારે આવતીકાલે (૨૮ એપ્રિલ) કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી અને પાટણ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી, પરંતુ ત્યારબાદ તેમાં અંદાજે ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

આગામી દિવસોમાં રાજ્યમાં તાપમાન ૪૧થી ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે. તંત્ર દ્વારા લોકોને ખાસ સાવચેતી રાખવાની, બપોરના સમયમાં બહાર જવાનું ટાળવાની અને પૂરતું પાણી પીવાની સલાહ આપવામાં આવી છે. અમદાવાદ શહેર-જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શહેરની તમામ શાળાઓને બાળકોની સલામતી માટે પોતાની વિવેકબુદ્ધિથી સમયમાં ફેરફાર કરવા કહ્યું છે. તેઓએ જણાવ્યું કે, દરેક વખતે પરિપત્ર કરવો એ જરૂરી નથી, શાળાઓ પોતે નિર્ણય લઈ શકે છે. બપોરના ૧૨ વાગ્યા પહેલાં તમામ બાળકોને છોડી દેવાઈ તેવી વ્યવસ્થા કરવી. સાથે જ વિદ્યાર્થીઓને ખુલ્લા મેદાનમાં બેસાડવાનું ટાળવા અને બહારની કોઈપણ પ્રકારની એક્ટિવિટીઝ ન કરાવવી. વધુમા તેમણે ગરમીના આ પ્રચંડ માહોલમાં બાળકોને ઠંડકવાળા અને સુરક્ષિત વાતાવરણમાં જ રાખવા માટે ભાર મુકાયો છે.

**Printed, published and owned by** Kumudchandra Dave and **printed at** Shree Ganesh Printing Press, Near Three Gate, Patan.and **published at** 10/32, Shrinagar, Sector-24, Gandhinagar (GUJARAT), **Editor** : Kumudchandra Dave

**Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat**